## <u>મુદ્દા નં. : ૪૭</u>
## <u>સ્વ–રક્ષણ માટેના પરવાનો રીન્યુ કરવા બાબત</u>

| | | |
|---|---|---|
| ૧. જોગવાઈ | : | શસ્ત્ર અધિનિયમ ૧૯૫૯ ની કલમ ૧૫ |
| | : | શસ્ત્ર અધિનિયમ ૧૯૬૨ નો નિયમ ૫૪ |
| | : | શસ્ત્ર પરવાનો (ફોર્મ નં–૩) ની શરત નં–૧૪ |
| ૨. અરજી કોને કરવી | : | જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી ને, પરિશિષ્ટ–૧/૪૭ મુજબ |
| ૩. નિકાલ માટેના સત્તાધિકારી | : | અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી |
| ૪. નિકાલની સમય મર્યાદા | : | ૧૫ દિવસ |

**► અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધૂરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ સામેલ કરવાના રહેશે.</u>**

૧. હથિયાર અંગે પઝેશન સર્ટિફીકેટ (સંબંધિત પોલીસ સ્ટેશનનું) (પરિશિષ્ટ–૨/૪૭મુજબ)
૨. અસલ પરવાનો
૩. રીન્યુ ફી ચલણથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જમા કરાવ્યાનું અસલ ચલણ (ચલણ અત્રેની શાખામાં રૂબરૂ આવી અગાઉથી નોંધાવવાનું રહેશે.)
૪. રીન્યુ ફી
   – રિવોલ્વર / પિસ્તોલ માટેના ૧ વર્ષના રૂ. ૫૦/– મુજબ
   – ૦.૨૨ રાઈફલ / બ્રીજલોડ ગન માટે ૧ વર્ષના રૂ.૨૦/– મુજબ
   – રીપીટીગ રાઈફલ માટે ૧ વર્ષના રૂ. ૩૦/– મુજબ
   – એમ.એલ.ગન માટે ૧ વર્ષના રૂ.૫/–
   – પરવાનો એકી સાથે વધુમાં વધુ ત્રણ વર્ષ માટે રીન્યુ થઈ શકશે.
૫. રહેઠાણનો પુરાવો.

# <u>પરિશિષ્ટ :– ૧/૪૭</u>
# <u>જાતરક્ષણ હથિયાર પરવાનો રીન્યુ કરવા માટેનું અરજી પત્ર</u>

પરવાનેદારનું નામ : ....................
સરનામું :...............................
.......................................
તારીખ :................................

પ્રતિ,
જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
.....................

<u>વિષયઃ– જાત રક્ષણ હથિયાર પરવાનો રીન્યુ કરવા બાબત.</u>
લાયસન્સ નંબર. ...............................

ઉપરોકત વિષય સંબંધમાં વિનંતી સાથે જણાવવાનું કે,

હું મારા નામે જાત રક્ષણ હથિયાર પરવાના નંબર .............ધારણ કરેલ છે જે તારીખ............... સુધી તાજો થયેલ આ પરવાનો ....................પ્રકારના હથિયાર માટે ધારણ કરૂ છું. આ પરવાનો વધુ ત્રણ વર્ષ માટે હું રીન્યુ કરાવવા માંગુ છું જે માટે જરૂરી રીન્યુઅલ ફી નું અસલ ચલણ નંબર............ તારીખઃ ................... થી રૂા. ............... ભરેલ છે.

પરવાનો રીન્યુ કરવા માટે .......................... પોલીસ સ્ટેશનનું પઝેશન સર્ટીફીકેટ તથા અસલ પરવાનો, ચલણની એકપ્રત આ સાથે સામેલ રાખેલ છે. આ મારું લાયસન્સ ત્રણ વર્ષ માટે રિન્યુ કરી આપવા વિનંતી છે.

.......................................
**(પરવાનેદારની સહી/નામ/અંગુઠાનું નિશાન)**

**<u>–: એકરાર :–</u>**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો/હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત/વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે.તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

**સ્થળ :** ..........................................
**તારીખ :** **(અરજદારની સહી / નામ / અંગુઠાનું નિશાન)**

## <u>ચેકલીસ્ટ (મુદ્દા.નં.૪૭)</u>
## <u>જાત રક્ષણ માટે પરવાનો રીન્યુ કરવા બાબત</u>
## <u>(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)</u>

| અ. નં | વિગત | હા/ ના /<br>લાગુ પડતુ પડતું નથી | પાન<br>નંબર |
|---|---|---|---|
| ૧ | અરજી પત્રક (પરિશિષ્ટ –૧/૪૭) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩ | પોલીસ પ્રમાણપત્ર (પરિશિષ્ટ –૨/૪૭) | | |
| ૪ | રીન્યુ ફી ભર્યા અંગેનું અસલ ચલણ | | |
| ૫ | અસલ પરવાનો | | |
| ૬ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે ? | | |

સ્થળ :

તારીખ :

................................

(અરજદારની સહી/ નામ / અંગુઠાનું નિશાન)

**નોંધ :– ચેકલીસ્ટના કોલમ નં. ૩ માં " હા/ના અથવા લાગુ પડતુ નથી." તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાના નંબર ઉપર છે તે પણ દર્શાવવું આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

**અરજી પત્રક સ્વીકાર્યુ**

**.....................**

**જનસેવા કેન્દ્ર ફરજ પરના**

**કર્મચારીની સહી/ નામ/ સિક્કો/ તારીખ**

# <u>પરિશિષ્ટઃ– ૨/૪૭</u>
## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,

શ્રી.....................................................................................

રહેવાસી ગામ/ સેકટર/ ................... તાલુકો .......................... જીલ્લો .............

ના હથિયાર પરવાના નંબર : .....................ધારણ કરે છે, જે તા. ................ સુધી તાજો થયેલ છે. જેમાં વર્ણન કરેલ હથિયાર હાલ લાયસન્સદાર પાસે સારી સ્થિતિમાં છે. / પોલીસ સ્ટેશનમા જમા પડેલ છે. ૭ લાયસન્સદાર સામે કોઈ ગુન્હો નોંધાયેલ નથી. તેઓનું લાયસન્સ રીન્યુ કરી આપવામાં આવે તો અત્રેને વાંધા સરખું નથી.

સ્થળ :

તારીખ :

પોલીસ ઈન્સપેકટર/પોલીસ સબ ઇન્સપેકટર
...........................પોલીસ સ્ટેશન
તા. .................જિ.................

લાગુ ન પડતું હોય તે ચેકી નાંખવુ.

## મુદ્દા નં.–૪૭
## સ્વરક્ષણ માટેના પરવાનો રીન્યુ કરવા બાબત

**અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ સ્વરક્ષણ માટેના પરવાનો રીન્યુ કરવા બાબતે ચકાસવાના થતા મુદ્દાઓની યાદી**

| | | |
|---|---|---|
| (૧) | પરવાનો ધારણ કરનારનું નામ<br>(અ) અરજી નિયત નમુનામાં કરેલ છે કે કેમ? તથા તેના પર નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવવામાં આવે છે. | |
| (૨) | સરનામું | |
| (૩) | જાતિ/ પેટા જાતિ | |
| (૪) | પરવાનેદાર કયારથી કેવા પ્રકારનું હથિયાર ધારણ કરે છે. તેની વિગતો જણાવવી. | |
| (૫) | પરવાનો છેલ્લે રીન્યુ કરાવ્યાની તારીખ | |
| (૬) | હથિયાર અંગે પઝેશન સર્ટીફીકેટ (સબંધિત પોલીસ સ્ટેશનનું) રજુ કરેલ છે જે બરાબર છે કે કેમ? | |
| (૭) | અસલ પરવાનો સાથે સામેલ રાખેલ છે કે કેમ? સાથે સામેલ રાખેલ હોય તો તેની ચકાસણી કરતા વિગતો બરાબર છે કે કેમ? | |
| (૮) | સ્વરક્ષણ માટેના પરવાનો રીન્યુ કરવા માટેની અરજી સાથે ધારણ કરેલ હથિયારના પ્રકાર મુજબ રીન્યુ ફી ચલણની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયામાં જમાં કરાવ્યાનું અસલ ચલણ કચેરીની શાખામાં રૂબરૂ અગાઉથી નોંધાવ્યાની રજીસ્ટરમાં નોંધ છે કે કેમ? જે બરોબર છે. તેની ખાત્રી કરવી. | |
| (૯) | અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીનો નિર્ણય | |

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**